(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903].

Civ.A 27g.

**ફો.કેસ નં. :- ૭૪૧/૨૦૨૫**
**આંક:- ૧૦**

**(શરૂ-૧૧:૪૯, પુર્ણ-૧૨:૦૫)**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:-

| | |
|---|---|
| મારું નામ:- ઈશ્વરભાઈ | પિતા/પતિનું નામ:- રામજીભાઈ અઘારા |
| | ઉ.વ.:- ૫૫ |
| ધંધો:- ખેતી | સરનામુ:- નવા દેવળીયા ગામ, તા.હળવદ જી.મોરબી |

**સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

(૧) બનાવ એક વર્ષ અગાઉ અમારા નવા દેવળીયા ગામે ગ્રામપંચાયત કચેરી ખાતે બપોરના બાર વાગ્યાના અરસામા બનેલ તે દિવસે હું ગ્રામપંચાયતના સરપંચ તરીકેના હોદા ઉપર હોય જેથી હું ગ્રામપંચાયત કચેરીએ હાજર હતો ત્યારે અમારા ગામના સુરપાલસિંહ તથા તેના મિત્રો અમારી ગ્રામપંચાયતના તલાટીશ્રી વિજયસિંહ ઝાલાનુ કામકાજ હોય જેથી પંચાયત કચેરીએ આવેલા ત્યારે તેઓની સાથે કાગળ કઢાવવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. આ સીવાય બીજુ કાંઈ બનેલ નહી. આરોપીઓએ ગાળો બોલી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી. બનાવ અં ગે મે હળવદ પોલીસ સ્ટેશનમા આરોપીઓ સામે પોલીસ ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે હું ઓળખુ છુ જે અસલ ફરીયાદ રજુ દાખલ **આંક-૧૧.** આરોપીઓને જોયેથી ઓળખુ છુ

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

જે આજરોજ કોર્ટમા હાજર છે.

**હોસ્ટાઈલ**

સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો ન હોય, એ.પી.પી.શ્રીની મૌખીક વીનંતીથી સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી આપી.

(૨) એ વાત ખરી નથી કે તા.૧૨/૦૨/૨૫ના રોજની મારી પોલીસ ફરીયાદમા મે એવી હકીકત લખાવેલ કે તા.૧૧/૦૨/૨૫ના રોજ બપોરના સવા બાર વાગ્યાના અરસામા અમારા ગામના સુરપાલસિંહે મારા મોબાઈલમા ફોન કરેલ અને ગ્રામપંચાયત ઓફિસે બોલાવેલ જેથી હું પંચાયત ઓફિસ ગયેલ ત્યારે આરોપીઓએ તલાટી વિજયસિંહ ઝાલા સાથે ઉગ્ર ભાષામા જોરજોરથી બોલતા હોય જેથી અમોએ શાંતીથી વાત કરવા જણાવતા આરોપીઓને સારુ નહી લાગતા અમોને ગાળો આપી ઝપાઝપી કરી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ. તે વાત ખરી નથી કે મારે આરોપી સાથે મનમેળ થઈ ગયેલ હોય આરોપીઓને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી વિ.પી.ઝાલા**

(૩) એ વાત ખરી છે કે હું અને સુરપાલસિંહ એક જ ગામના છીએ. એ વાત ખરી છે કે પંચાયત ઓફિસે બનાવ બન્યો તે સમયે હું મારા ઘરે હાજર હતો. એ વાત ખરી છે કે હું પંચાયત ઓફિસે ગયો ત્યારે ઘણા બધા માણસો બોલાચાલી કરતા હતા અને ધકકામુકકી કરતા હતા. એ વાત ખરી છે કે હું ત્યાં સમજાવવા ગયેલો ત્યારે મને ધકકો વાગી જતા હું પડી ગયેલ. એ વાત ખરી છે કે આ સીવાય બીજુ કાંઈ બનેલ નહી. એ વાત ખરી છે કે મને કોઈએ કંઈ

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

કીધુ નથી. એ વાત ખરી છે કે ગામના માણસો પોલીસ સ્ટેશને ગયેલા હતા અને તેમા મારી સહી કરાવેલી પરંતુ શેમા સહી કરેલી તેની મને ખબર નથી.

**ફેરતપાસ નથી.**

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૧૭/૦૩/૨૦૬**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*